5000Rs.



નંબર ૫૮૨૨૧ રૂા. ૫૦૦૦:-

તારીખ ૧૦ માહે ૧ સને ૨૦૦૨

નામ અનિલભાઈ અમરનાથ અગ્રવાલ વતી બીલકેશ જ. મોદી

ઠેકાણું ૨૦/૨ નંદવતી ટેનામેન્ટ અમદાવાદ

ઉષાબેન જયંતિલાલ ઓદી
લા.નં. એસ.બી. ૨૨૨-૨૨૩/૧૯૯૪
અમદાવાદ સ.૨. ઓફીસના સહિદી

યુ. જ. મોદી

સહી/- અનિલભાઈ અમરનાથ અગ્રવાલ વતી Nilkesh J. M.

અનુક્રમ નંબર : ૧૦૨
સને-૨૦૦૨ ના જાન્યુઆરી માસની
૧૦ મી તારીખે ૧૨ વા ૧
વાગ્યાની વચ્ચે અમદાવાદ-૧.
સીટી સબ-રજીસ્ટ્રારની કચેરીમાં
રજુ કર્યો.

Agarwal

	રૂા.	પૈ.
ફી પહોંચી તે-		
નોંધણીની ફી	૭૫	
ફેરો ફી સાથક (૧૧)	૧૨૦	
મેમા ફી		
પેસ્ટેજ		
ટોકંદર રૂા.	૧૭૮૫	

(૧૧)
(રા. કા. અમીન)
મુખ્ય રજીસ્ટ્રાર અમદાવાદ-૧ (સીટી)

AHD-1
102 1-11
2002

(૧૧)
(રા. કા. અમીન)
મુખ્ય રજીસ્ટ્રાર અમદાવાદ-૧ (સીટી)

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ વિભાગ–૧(સીટી)સીટી તાલુકાના વોર્ડ રેલ્વેપુરામાં આવેલી મીલકતનો વેચાણ દસ્તાવેજ રૂા.૬૦,૦૦૦–૦૦.અંકે રૂપીયા સાંઈઠહજાર પુરાનો.

1000Rs.



નંબર ૧૫૨૨૨ રૂ. ૧૦૦૦ ૨

તારીખ ૧૦ માહે ૧ સને ૨૦૦૨

નામ અનિલભાઈ અમરનાથ અગ્રવાલ વાસ નીલેશ

ઠેકાણું ૨૭/૨ પંચવટી ગૌશાળા, જા. મોદી
જામનગર

ઉષાબેન જયંતિલાલ મોદી
લા.નં. એસ.બી. ૨૨૨-૨૨૩/૧૯૯૪
અમદાવાદ સ.૨. ઓફીસના સબંદી

ઉ. જા. મોદી

સહી/- અનિલભાઈ અમરનાથ અગ્રવાલ વાસ નીલેશ

THE SEAL OF THE SUB REGISTRAR AHMEDABAD-1

AHD-1
102 | 2-11
2002

..૨..

લખાવી લેનારઃ— અનિલભાઈ અમરનાથ અગ્રવાલ
ઉંમર આશરે વર્ષ ૩૪,ધંધો વેપાર,ધર્મે જાતે હીન્દુ,
રહેવાસી. ૨૭/૨.પંચવટી,ગૌશાળા,જામનગર.


જેમને હવે પછી આ વેચાણ દસતાવેજમાં 'તમો' અગર 'તમારા' અગર 'તમો લખાવી લેનાર' અને—અગર 'તમો વેચાણ લેનાર' એ રીતે સંબોધવામાં આવ્યા છે.જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનારનો તથા તમો લખાવી લેનારના વંશ વાલી વારસો વકીલો એસાઈનીઓ એકઝીકયુટરો એડમીનીસ્ટ્રેટરો આરબીટ્રેટરો ટ્રાન્સફરીઓ સકસેસરો એસાઈનીઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

AHD-1
102 | 3-11
2002

..૩..

લખી આપનારઃ-- તેજલબેન જયંતિભાઈ સંઘવી
ઉંમર આશરે વર્ષ ૨૧,ધંધો અભ્યાસ તથા ઘરકામ,ધર્મે જાતે હીન્દુ, રહેવાસી. ૯.ન્યુ રૂપલ એપાર્ટમેન્ટ,અંકુર જૈન દેરાસર સામે,નારણપુરા,અમદાવાદ.

જેમને હવે પછી આ વેચાણ દસતાવેજમાં 'અમો' અગર 'અમારા' અગર 'અમો લખી આપનાર' અને-અગર 'અમો વેચાણ આપનાર' એ રીતે સંબોધવામાં આવ્યા છે.જે શબ્દના અર્થમાં અમો લખીઆપનારનો તથા અમો લખીઆપનારના વંશ વાલી વારસો વકીલો એકઝીકયુટરો એડમીનીસ્ટ્રેટરો આરબીટ્રેટરો ટ્રાન્સફરીઓ સકસેસરો એસાઈનીઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.



૧...જત અમારા કબજા ભોગવટામાં કુલ સ્વતંત્ર માલીકી હકકથી આવેલી મીલકત તે ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ વિભાગ-૧(સીટી)સીટી તાલુકાના વોર્ડ રેલ્વેપુરામાં સારંગપુર દરવાજા સામે વોર્ડ રેલ્વેપુરાના સીટી સરવે નંબર. ૬૮૯ વાલી ભાડાપટ્ટાના હકકવાલી જમીન ઉપર બાંધેલ આનંદ કલોથ મારકીટમાં થર્ડફલોર પર આવેલ ઓફીસ નંબર. ૩૦૯ ની સમચોરસફુટ ૧૪૪ ના બાંધકામ વાલી આવેલી છે.જેનું સંપુર્ણ વર્ણન આ નીચે આપવામાં આવેલ છે.જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહુ મીલકત" એ રીતે સંબોધવામાં આવેલ છે.

૨...સદરહુ સરવે નંબર. ૬૮૯ વાલી મીલકત ભુગડોમલ ગંગારામ એન્ડ કંપનીએ તા.૧૫-૧-૭૩ ના રોજના અમદાવાદના મહેરબાન સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર. ૫૨૮ થી રજીસ્ટર થયેલ ભાડાપટાના દસ્તાવેજથી ભાડાપટે રાખેલી અને સદરહુ મીલકત તોડાવી નાખી સદર સરવે નંબર. ૬૮૯ વાલી જમીન ઉપર ભુગડોમલ ગંગારામ એન્ડ કંપનીએ આનંદ કલોથ મારકીટના નામથી ઓળખાતી મીલકત બાંધેલી અને તેની જમીન ભાડાપટ્ટાની છે.મજકુર ભુગડોમલ ગંગારામ એન્ડ કંપની પાસેથી સદરહુ ખાનગી ઓફીસ નંબર. ૩૦૯ વાળી મીલકત મેસર્સ ટેક્ષીન્ડ વતી તેના ભાગીદાર રતીલાલ ચંદુલાલે તારીખ.

AHD-1
102 | 4-11
2002

૧૬–૪–૧૯૭૫ ના રોજ વેચાણ રાખેલ અને તે બાબતનો વેચાણ દસ્તાવેજ તેજ તારીખના રોજ અમદાવાદના મહેરબાન સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવીને એક નંબરની બુકના અનુક્રમ નંબર. ૪૭૯૯ આધારે નોંધાવેલો.ત્યારથી સદરહુ મીલકત મજકુર ટેક્ષીન્ડ વતી તેના ભાગીદાર રતીલાલ ચંદુલાલના કબજા ભોગવટામાં કુલ સ્વતંત્ર માલીકી હકકથી આવેલી અને સદર ઓફીસવાલી મીલકત અંગે સીટી સરવે નંબર. ૬૮૯ વાળી જમીન ભાડાપટ્ટાની હોવાથી દર વરસે ભાડાના રૂા.૧૭૨–૮૦ પૈસા અંકે રૂપીયા એકસો બોતેર ને એંસી પૈસા પુરા મજકુર ભુગડોમલ ગંગારામ એન્ડ કંપનીને આપવાની જવાબદારી સહીત સદર ઓફીસ વેચાણ રાખેલ.

૩...મેસર્સ ટેક્ષીન્ડ વતી તેના ભાગીદાર રતીલાલ ચંદુલાલ પાસેથી સદર મીલકત રૂપચંદ કીરણકુમાર એ નામની પેઢીએ તા.૨૦–૭–૧૯૭૯ ના રોજ વેચાણ રાખેલ અને તેનો વેચાણ દસ્તાવેજ તેજ તારીખના રોજ અમદાવાદના મહેરબાન સબ–રજીસ્ટ્રાર સાહેબની ઓફીસમાં રજીસ્ટર્ડ કરાવીને એક નંબરની બુકના અનુક્રમ નંબર. ૮૫૪૬ આધારે રજુ કરેલો અને તે વેચાણ દસ્તાવેજની પુર્તતા સને ૧૯૮૦ માં નવા નંબર. ૧૦૭૬ આધારે થયેલી.અને સદરહુ મીલકત રૂપચંદ કીરણકુમારની પેઢી પાસેથી વેચાણ લેવાનું બાનાખત વીર સીલ્ક ફેકટરીના ભાગીદાર પંકજકુમાર હીરાલાલ શાહે સને ૧૯૭૯ માં કરાવેલ અને કબજો લીધેલ અને ત્યારબાદ સદરહુ મીલકતનો વેચાણ દસ્તાવેજ વીર સીલ્ક ફેકટરીના ભાગીદાર પંકજકુમાર હીરાલાલ શાહે તા.૧૫–૫–૧૯૮૭ ના રોજ કરાવેલ અને તે વેચાણ દસ્તાવેજ અમદાવાદના મહેરબાન સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવીને એક નંબરની બુકના અનુક્રમ નંબર. ૮૨૬૫ આધારે નોંધાવેલો.ત્યારથી સદરહુ મીલકત મજકુર વીર સીલ્ક ફેકટરીના માલીકી કબજા ભોગવટામાં આવેલી.

૪...ત્યારબાદ મજકુર વીર સીલ્ક ફેકટરીના ભાગીદાર પંકજકુમાર હીરાલાલ શાહ પાસેથી શાલીન કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર અશોકકુમાર વાડીલાલ શાહે તા.૧૫–૫–૧૯૮૭ ના રોજ વેચાણ રાખેલ અને તે બાબતનો વેચાણ દસ્તાવેજ તેજ તારીખના રોજ અમદાવાદના મહેરબાન સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર. ૮૩૧૦ આધારે

AHD-1
102 5-11
2002

..૫..

નોંધાવેલો.ત્યારથી સદરહુ મીલકત મજકુર શાલીન કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર અશોકકુમાર વાડીલાલ શાહના કબજા ભોગવટામાં કુલ સ્વતંત્ર માલીકી હકકથી આવેલી.

૫...ત્યારબાદ મજકુર શાલીન કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર અશોકકુમાર વાડીલાલ શાહની પાસેથી સદરહુ મીલકત અમો લખી આપનારે તારીખ. ૧૦/૯/૧૯૯૯ ના રોજ વેચાણ રાખેલી અને તે બાબતનો વેચાણ દસ્તાવેજ તેજ તારીખના રોજ અમદાવાદના મહેરબાન સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવીને એક નંબરની બુકના અનુક્રમ નંબર. ૩૦૩૮ આધારે નોંધાવેલો.

૬....આમ ત્યારથી તે હાલ સુધી સદરહુ મીલકત અમો લખી આપનારના કબજા ભોગવટામાં કુલ સ્વતંત્ર માલીકી હકકથી આવેલી છે.

૭...સદરહુ મીલકત સીટી સરવે રેકર્ડમાં તથા સરકારી અર્ધસરકારી રેકર્ડમાં તથા અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના રેકર્ડમાં તથા અન્ય જરૂરી જગ્યાઓએ અમારા નામે માલીક કબજેદાર તરીકે ચાલે છે.

૮...સદરહુ મીલકત આ વેચાણ દસ્તાવેજથી અમો તમોને કુલ અભરામ નદાવે અઘાટ વેચાણ આપીએ છીએ તેના નંબર તથા માપની વિગત...

વેચાણ આપેલ મીલકતનું વર્ણન

વોર્ડઃ–	રેલ્વેપુરા,તા.સીટી,સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ વિ–૧(સીટી) જી.અમદાવાદ
શીટ નંઃ–	૬૯
સીટી સરવેનંઃ–	૬૮૯ પૈકી
ખાનગી ઓફીસ નંબરઃ–	૩૦૯ થર્ડફલોર
ક્ષેત્રફળઃ–	ચોરસફુટ ૧૪૪

AHD-1
102 | 6-11
2002
..5..

તેના ખુંટચારની વિગતઃ--

પુરવેઃ- રસ્તો આવેલ છે.
પછિમેઃ- થર્ડફ્લોર ઉપર મુકેલ પેસેજ છે.
ઉતરેઃ-- ઓફીસ નંબર. ૩૩૮ સાથે સદરહુ મીલકતની દીવાલ સહીયારી છે.
દક્ષિણેઃ- ઓફીસ નંબર. ૩૧૦ સાથે સદરહુ મીલકતની દીવાલ સહીયારી છે.

૯....એ રીતેના નંબર માપ વાલી તથા ખુંટચાર વચલી ઓફીસ નંબર. ૩૦૯ ની સમચોરસફુટ ૧૪૪ ના બાંધકામવાળી તથા સદરહુ મીલકતમાં આવેલ આગવા લાઈટ ફીટીંગ તથા લાઈટ સર્વીસના હકક સહીતની તથા તા.૧૬-૪-૭૫ ના રોજના રજીસ્ટર્ડ નંબર. ૪૭૯૯ ના દસ્તાવેજમાં જણાવેલ તમામ શરતો તથા જવાબદારીઓ પાળવાની શરત સહીતની તથા અમારા નામના તથા અગાઉના વેચાણ દસ્તાવેજમાં લખેલા તમામ હકકો અધીકારો તથા જવાબદારીઓ સહીતની તથા સદર ઓફીસ અંગે દર વરસે જમીનનું ભાડુ રૂા.૧૭૨-૮૦ પૈસા અંકે રૂપીયા એકસો બોતેર ને એંસી પૈસા ભાડુ ભરવાની જવાબદારી સહીતની તથા જમીનના વરાડેના હકકો સહીતની સદરહુ મીલકત તેના અંગેના બીજા જે જે હકકો હોય તે તે તમામ હકકો સહીતની અસલ હદ હકકો મુજબની સને ૧૯૭૩ ના બાંધકામવાળી સદરહુ મીલકત અમોએ તમોને આજરોજ અમોએ તમોને કુલ અભરામ નદાવે અઘાટ વેચાણ રૂા.૬૦,૦૦૦-૦૦.અંકે રૂપીયા સાંઈઠહજાર પુરા નીચેની વિગતે અમોએ તમારી પાસેથી લઈને સદરહુ મીલકત આજરોજ અમોએ તમોને વેચાણ આપીને તમારા ખાલી અને પ્રત્યક્ષ કબજે સોપેલી છે.તેથી આજરોજથી તમો લખાવી લેનાર સદરહુ મીલકતના કુલ સ્વતંત્ર માલીક કબજેદાર થયા છો.

૧૦...સદરહુ સીટી સરવે નંબર. ૬૮૯ વાળી જમીન ભાડાપટ્ટાની છે અને સદર જમીનમાં થર્ડફ્લોર ઉપર ઓફીસ નંબર. ૩૦૯ આવેલ છે અને આથી ભુગડોમલ ગંગારામ એન્ડ કંપની સાથે એ રીતે નકકી થયેલ છે કે સદરહુ ઓફીસ નંબર. ૩૦૯ અંગે જમીનના ભાડાના દર વરસે રૂા૧૭૨-૮૦ પૈસા આપવા અને એ રીતે સદર ઓફીસ અંગે જમીનના ભાડાના આજ અગાઉની રકમ આપવાની જવાબદારી અમારી છે અને હવેથી તમારી છે તેમજ સદર ઓફીસ ભવિષ્યમાં તમો જયારે કોઈપણ વ્યકિતને વેચાણ કરો ત્યારે તે અંગે ભુગડોમલ ગંગારામ એન્ડ કંપનીની

AHD-1
102 | 7-11
2002

લેખીત સંમતી લેવાની છે અને તે વખતે પ્રીમીયમની રકમ તરીકે તે વખતની વેચાણ કિંમતનાા દર સેંકડે એક ટકા લેખે જે રકમ થતી હોય તે રકમ તમારે મજકુર ભુગડોમલ ગંગારામ એન્ડ કંપનીને આપવાની છે અને તમો એ રીતે પ્રીમીયમની રકમ આપવા તૈયાર હોવ તો મજકુર ભુગડોમલ ગંગારામ એન્ડ કંપની સદર મીલકતના વેચાણ અંગે સંમતી આપવામાં આનાકાની કરી શકશે નહીં. સદરહુ આનંદ કલોથ મારકીટના નામથી ઓળખાતા બીલ્ડીંગમાં આવેલ સેનેટરી બ્લોકસ તથા પેસેજ સીડી વીગેરેનો તમારે સદરહુ બીલ્ડીંગના બીજામાલીકો સાથે સહીયારે ઉપયોગ કરવાનો છે અને સદરહુ સેનેટરી બ્લોક,સીડી,પેસેજ વીગેરે આનંદ કલોથ મારકીટના તમામ માલીકોના સહીયારા ગણાશે અને તે સહમાલીકી હકક સહીત સદર મીલકત તમોને વેચાણ આપેલ છે અને સદરહુ સહમાલીકી હકકની કીંમતનો સમાવેશ ઉપરોકત વેચાણ કીંમતમાં થઈ ગયેલ છે તેમજ સદરહુ આનંદ કલોથ મારકીટમાં જે લીફટ મુકવામાં આવેલ છે તેના ઈલેકટ્રીક બરનીંગમાં તથા લીફટમેનના પગારમાં તથા ભવિષ્યમાં રીપેરીંગ વીગેરેના ખર્ચમાં તમારે વરાડે રકમ આપવાની છે અને સદરહુ મીલકતની બહાર તમારે કોઈ જ સામાન મુકવાનો નથી કે પેસેજમાં કોઈપણ દબાણ કરવાનું નથી અને એ રીતે અમારા દસ્તાવેજની શરતો મુજબ અમોએ તમોને આ સદર ઓફીસ વેચાણ આપી છે.સદરહુ ઓફીસ નં.૩૦૯ ની સમચોરસફુટ ૧૪૪ ના બાંધકામ મુજબ જમીનમાં વરાડે પડતો ૧/૫ મો હકક હીસ્સો પોષાય છે.



૧૧....હવેથી સદરહુ મીલકતના ઉપર અમારો કે અમારા વંશ વાલી વારસોનો કે અમારા કરજદાર હીસ્સેદાર લહેણદાર દરદાવેદાર હકકદાર વીગેરેનો કોઈનો કોઈપણ પ્રકારનો દર દાવો અલાખો લાગભાગ હકક હીસ્સો હીત સંબંધ વીગેરે રહયા નથી તેમ છતા ભવિષ્યમાં હરકોઈ શખ્સ હરકોઈ પ્રકારનો દર દાવો અલાખો લાગભાગ હકક હીસ્સો હીત સંબંધ વાંધો તકરાર કે ડખલ કરે કરાવે તો તેનો જવાબ અમો અમારા વંશ વાલી વારસો તમો તમારા વંશ વાલી વારસો એસાઈનીઓ ઈત્યાદી તમામને થતા તમામ ખર્ચ તથા નુકશાન સહીત દઈએ.

૧૨....સદરહુ મીલકત અસલ હદ હકકો મુજબ ચાંદો સુરજ તપે ત્યાં સુધી તમો તમારા પુત્ર પુત્રાદીક વંશ વાલી વારસો સુખેથી વાપરો ભોગવો વેપાર ધંધો કરો

AHD-1
102 | 8-11
2002
..૮..

યા વેચો સાટો અગર રીનોવેશન કરો કરાવો યા તમો તમારૂ દીલ ચાહે તેમ કરવાને માટે હકકદાર બનેલા છો.

૧૩...સદરહુ મીલકતના આજદીન સુધીના મ્યુ.ટેક્ષ,શીક્ષણવેરો,લાઈટ બીલ,કોમન ખર્ચ વીગેરે તમામ રકમો ભરવાની જવાબદારી અમારા શીરે છે અને આજપછીની તેવી મ્યુ.ટેક્ષ,શીક્ષણ વેરો,લાઈટ બીલ વીગેરે તમામ રકમો ભરવાની જવાબદારી તમારા શીરે રહેશે.

૧૪..સદરહુ મીલકત સીટી સરવે રેકર્ડમાં તથા સરકારી અર્ધસરકારી રેકર્ડમાં તથા અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના રેકર્ડમાં તથા અન્ય લાગતા વળગતા જરૂરી તમામ રેકર્ડમાં અમો લખી આપનારના નામે માલીક કબજેદાર તરીકે ચાલે છે.તે સદરહુ મીલકત આ વેચાણ દસ્તાવેજના આધારે તમો તમારા નામ ઉપર ટ્રાન્સફર કરી કરાવી લો અને તે અંગે તમારે અમારી સહી સાક્ષી કબુલાત જવાબની વીગેરેની જરૂર પડે તો તે અમો રૂબરૂ આવી આપવા આથી અમો બંધાયેલા છીએ.

THE SEAL OF THE SUB REGISTRAR AHMEDABAD-1

૧૫...આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ રજી.ફી ટાઈપ વકીલ ફી વીગેરે તમામ તમો લખાવી લેનાર એકલાએ ભોગવેલ છે.

૧૬...આ વેચાણની કીંમતના રૂપીયા પહોંચ્યાની વિગત જે....

રૂા.૬૦,૦૦૦–૦૦. અંકે રૂપીયા સાંઈઠહજાર પુરા રોકડા અમોએ તમારી પાસેથી આજરોજ લીધેલ છે તે.

રૂા.૬૦,૦૦૦–૦૦. અંકે રૂપીયા સાંઈઠહજાર પુરા.

એ રીતે આ વેચાણ કીંમતના કુલ રૂા.૬૦,૦૦૦–૦૦.અંકે રૂપીયા સાંઈઠહજાર પુરેપુરા અમોને ઉપરની વિગતે પહોચી ચુકયા છે તેની આથી અમારી આ ચુકતેની પહોંચ યાને કબુલાત છે.

૧૭..સદરહુ મીલકતના જરૂરી તમામ કાગળો અમોએ તમોને આજરોજ સોપેલા છે.

AHD-1
102 | 9-11
2002
..૯..

૧૮.. સદરહુ મીલકત સારંગપુર દરવાજા બહાર આવેલ છે અને સદરહુ મીલકત શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ છે અને ગુજરાત સરકારશ્રીએ બહાર પાડેલ અશાંત વિસ્તારના પરીશીષ્ટમાં સદરહુ મીલકતનો સમાવેશ થતો હોઈ તેની પરવાનગી મેળવેલ છે.

૧૯.....આ મીલકત આજ અગાઉ અમોએ કોઈને કોઈપણ પ્રકારે લખી આપી બોજામાં કે જોખમમાં મુકેલ નથી તેમજ તેના ઉપર અમો કોઈના જામીન થયા નથી તેમજ સદરહુ મીલકત ઉપર કોઈની ખોરાકી પોસાકીના કે બીજા કોઈ હકક નથી તેમજ સદરહુ મીલકત કોઈને વેચાણ કે ટ્રાન્સફર કરવી કરાવવી નહી તેવા કોઈ કોર્ટનાં મનાઈહુકમ મલ્યા નથી તેમજ બજયા નથી તેમજ સદરહુ મીલકત ઉપર સોલવંશી કઢાવેલ નથી તેમજ સદરહુ મીલકતનું બાનાખત કે દસ્તાવેજ કોઈને લખી આપેલ નથી એવો અમોએ તમોને પાકકો વિશ્વાસ અને સંપુર્ણ ભરૂસો આપી આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી વાંચી સમજી વીચારીને લખી આપ્યો છે તે અમોને તથા અમારા વંશ વાલી વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર સહી અને બંધનકર્તા છે.

THE SEAL OF THE SUB REGISTRAR AHMEDABAD-1

અમદાવાદ.આજતા.૧૦/૬/૨૦૦૨

અત્રે----------મતુ અત્રે----------શાખ

લખી આપનાર. સાક્ષી.

---------- ૧----------

લખાવી લેનાર.

---------- ૨----------

AHD-1

102 | 10-11

2002

આપનાર:-

તેજલબેન જયંતભાઈ સંઘવી-રાવ-બાબાસ-ઘરકામ
ફ્લેટ નં. ૨૮૮. કારંજપુરા-અમદાવાદ.

લિખનાર:-

ઝાલાભાઈ ગમારવાય ચૌધરી-૩૪-વેપાર
ફ્લેટ નં. ૨૮૮-રાધે પંચવટી, ગોંડલા-જામનગર

દસ્તાવેજ લખી આપનાર આ
દસ્તાવેજ લખી આપ્યાનું કબુલ
કરે છે.

Jenghabhai

Rajawat

(૧) વાઘજીભાઈ જયંતીલાલ કડવા-વેપાર
નં. ૩૨, મટરુછા મોસાયટી-ઈસનપુર
બસ સ્ટેન્ડ પાસે-અમદાવાદ
(૨) જયંતભાઈ જગજીવનદાસ સંઘવી-વેપાર
નં. ફ્લોટ ગોલ્ડન બ્યુ. કોપરેટીવ-બંગ્લોઝ
પાસે રસ્તા-કારંજપુરા-અમદાવાદ

તેઓ કહે છે કે સદરહું લખી
આપનારને તેઓ જાતે ઓળખે છે
અને તેમની ઓળખાણ આપે છે.

Vithaldas

તારીખ, ૧૦-૧-૨૦૦૨

(શા. કા. અમીન)
સબ રજીસ્ટ્રાર અમદાવાદ-૧ (સીટી)

સરકાર કીંમત નકકી કરવા અંગેનું
ફોર્મ નં. ૧ રજુ થયેલ છે.
તારીખ, ૧૦-૧-૨૦૦૨

(શા. કા. અમીન)
સબ રજીસ્ટ્રાર અમદાવાદ-૧ (સીટી)

પ્રમાણપત્ર

મુંબઇ સ્ટેમ્પ એક્ટ-૧૯૫૮ની કલમ-૩૨-ક-
રાજ-૧૯૮૪ નો બજાર કિંમત નક્કી કરવાનાં
મુંબઇ રાજ્ય ૨૦૦૦ નાં નિયમ-૩ ૨) અન્વયેની
મંજુરીના નોંધીય ક્રમાંક/ઠ. ન૧૦૨ ક્રમાંક૧૧/૨૦૦૨.
ત તારીખ ..... ૨૦૦૨ મુજબ કલમ-૩૨-ક(૧)
મુજબ ખરીદી સ્ટેમ્પ ડયુટી રૂા.૧૩૩૦૭/- અંકે
રૂપિયા તેરહજારસાતસોસાત પુરા
નંબર૩૨૩૬૬૩ .....તારીખ૧૧/૧/૨૦૦૨
વસુલ કરેલ છે.

સબ રજીસ્ટ્રાર અમદાવાદ-૧ સીટી

AHD-1
102 | 11-11
2002

જીલ્લા કલેકટરથી અમદાવાદના હુકમ
નંબર પી. આર. ઓ/અ.વિ./પરવાનગી
એસ.આર. વશી ૧૯૭ તા.૨૪-૧-૨૦૦૨
અન્વયે પરવાનગી મેળવી રજુ કરેલ છે,
તારીખ૨૪-૧-૨૦૦૨

(શા. કા. અમીન)
સબ રજીસ્ટ્રાર અમદાવાદ-૧ (સીટી.)

...૧ નંબરની બુકના.....૧૦૨.....
નંબરે નોંધ્યો. તા.૨૪-૧-૨૦૦૨

(શા. કા. અમીન)
સબ રજીસ્ટ્રાર અમદાવાદ-૧ (સીટી)

THE SEAL OF THE SUB REGISTRAR
AHMEDABAD-1

અનુક્રમણિકા નંબર ૨

(સબ-રજીસ્ટ્રાર કચેરી, અમદાવાદ)

રેહ-લેપુરા

૬૩૧ac૮

દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટ્ટાના કિસ્સામાં આકાર પટ્ટે આપનાર અથવા પટ્ટે રાખનાર આપે છે તે જણાવવું)	સર્વે નંબર , પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો)	ક્ષેત્રફળ	આકાર અથવા જુદી આપવામાં આવે ત્યારે તે	દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દીવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ	દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દીવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ	તારીખ સહીની / નોંધણીની	અનુક્રમ, વોલ્યુમ અને પૃષ્ઠ નંબર	શેરો
બેચાણ રુ. ૬૦૦૦૦.૦૦	શીટ નંબર-૬૯ સીટી સ.નંબર-૬૮૯ પૈકી. ખાનગી સરવે નંબર-૩૦૯ ઘર૬લોર. ક્ષેત્રફળ-ચો.ફુટ-૧૪૪			-તેજલબેન જયંતિભાઇ	-અનિલભાઇ અમરનાથ	૧૦/૦૧/૨૦૦૨ ૨૫/૦૧/૨૦૦૨	૧૦૨	



કબૂલ કરનાર :

M.J.Shah

ખી નકલ

સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૧. સીટી

નોંધ : કોઇ પણ રીતે કરેલ સુધારો માન્ય ગણાશે નહીં.

National Informatics Centre,Ahmedabad(Collector

અનિલ એસ.અગ્રવાલ

અરજી નંબર ૨૦૪૩

તા. : ૧૦/૦૮/૨૦૦૭

ની તારીખ ૦૨/૦૮/૨૦૦૭ ના રોજ

ઉપરથી નકલ આપી.

સબ-રજીસ્ટ્રાર
અમદાવાદ-૧. સી

Scanned by CamScanner

પત્રાંક :

torrent POWER
TORRENT POWER LIMITED

પ્રતિ શ્રી,
Anilbhai Amarnath Agrawal
309, Anand cloth Market
3RD floor, Nr. Sarangpur Bridge, A'Bad

તા. 22.01.2019

માનનીયશ્રી,

વિષય : વીજ જોડાણ તારીખ બાબતે સર્વિસ નંબર : 270487

આપના પત્ર તારીખ 22.01.2019 ના અનુસંધાનમાં જણાવવાનું કે ઉપરોક્ત સર્વિસ નંબરની આપે માંગેલ વિગતો નીચે મુજબ છે.

હાલનું નામ : Anilbhai Amarnath Agrawal	
સરનામું : 309, Anand cloth Market, 3rd floor, Nr. Sarangpur Bridge Ahmedabad	
હેતુ : Commercial	મંજુર કરેલ વીજ પુરવઠો :
વીજ જોડાણ તારીખ :	લાઈટ કિ. વોટ : 0.460 KW
વીજ જોડાણ કપાયા તારીખ : 01.03.2008	એમ.પી. હોર્સ પાવર :
પુનઃ જોડાણ તારીખ :	
સર્વિસ / મીટર રીમુવ તારીખ : 31.01.2009	

ઉપરોક્ત વિગતોથી આપને સંતોષ થશે એજ આશા સહ,

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

વાણિજય અધિકારી,

ONLY FOR A.M.C. TAX PURPOSE

TORRENT POWER LTD.
Registered Office :
"Samanvay" 600, Tapovan
Ambawadi, Ahmedabad-380015.

ઉપરોક્ત જગ્યાએ નવી સર્વિસ નં. _____

તા. _____

NOTE : This is a Billing Consumption Statement only, given on specific request of consumer and does not include any other dues which are displayed in his account, If any and shall not be valid for any other purpose.